# સિવિલમાં સેવા આપવાના બહાને દર્દીઓ ડાયવર્ટ કરવાનું કૌભાંડ

## સરકારી સિવિલમાંથી પોતાની ખાનગી હોસ્પિટલમાં બોલાવી તગડો ચાર્જ વસુલાય છે

મહેસાણા, તા. ૩૦

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ચિરંજીવી યોજના હેઠળ પ્રસૂતા માટે સરકારી હોસ્પિટલોમાં તેમજ સરકારે નિયત કરેલ હોસ્પિટલોમાં તબીબ પાસે નિઃશુલ્ક પ્રસુતિ સારવાર કરાવી શકાય છે. આ ઉપરાંત નવજાત શિશુને પણ જરૂરી સારવાર અપાય છે. પરંતુ મહેસાણા ખાતે સરકારી જનરલ હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાત તરીકે સેવા આપતા એક તબીબ પોતાના આર્થિક ફાયદા માટે બિમારીના ઓથાતળે નવજાત શિશુઓને પોતાની હોસ્પિટલમાં દાખલ કરાવી ઉંચી ફી વસૂલતા હોવાની બૂમરાણ ઉઠી છે.

તાજેતરમાં ઊંઝા તાલુકાના ઉનાવા ગામની એક પરિણીતાને પ્રસુતિ અર્થે મહેસાણાની સરકારી જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ પ્રસુતાને પ્રસુતિ થયા બાદ તેના નવજાત શિશુને પાણી પી ગયેલ છે. જેથી ૨૪ કલાક પેટીમાં રાખવો પડશે તેમ જણાવીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાવેલ. ૨૪ કલાક રજા લેતા સીવીલમાં લાવેલ. જે સમયે નવજાત શિશુને કથિત કમળાની અસરતળે પુનઃ ખાનગી હોસ્પિટલમાં લાવેલ. ફરીવાર ૭૨ કલાક રાખવો પડશે તેમ જણાવી દાખલ કર્યો હતો. જેની સારવાર પેટે (પેટીમાં રાખવાના) ૭૯૦૦ રૂપિયા ફી વસૂલ કરવામાં આવી હતી. જ્યારે દવાનો ચાર્જ અલગ થયેલ. પેટીમાં રાખવા દરમિયાન લેબોરેટરી પણ કરવામાં આવી હતી. આમ નવજાત શિશુને રાખવા માટે સરકારી જનરલ હોસ્પિટલમાં પેટીની સગવડ હોવા છતાં તબીબ દ્વારા કથિત ખોટી રીતરસમો અજમાવીને દર્દીઓના પરિવારજનો પાસેથી નાણાં પડાવવાની પેરવી સામે દર્દીઓમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે. આ કિસ્સામાં ખરેખર સત્ય શું છે ? તે અંગે ઉચ્ચકક્ષાએથી ન્યાયી તપાસ થવી જરૂરી મનાય છે.



## ગુડ ફ્રાઈડેના દિવસે જ પ્રાંતિજના પાદરી ઈશુ લોક પામ્યા

સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ ખાતે આવલ રેલવે સ્ટેશન વિસ્તારમાં ખ્રિસ્તી મિશનરી કે.જે. આઈ.પી. મિશન સંસ્થા, 'જીવનદ્વારા' તરીકે ઓળખાય છે. આ સંસ્થાના ટ્રસ્ટી અને પાદરી (ફાધર)નું અચાનક ગુડ ફ્રાઈડને દિવસે તબયિત બગડતા મૃત્યુ થયું હતું. પ્રાંતિજ ખાતે આવેલ આઈપી. મિશન સંસ્થાના ફાધર આલ્બર્ટ એ કારપેન્ટરનું પ્રભુ ઈસુ ખ્રિસ્તના મૃત્યુદિન 'ગુડફ્રાઈડે'ના દિવસે થતા લોકોએ ભગવાન ઈસુ સાથે ફાધરની સરખામણી કરી હતી. આ સંસ્થામાં સ્કુલ તથા અનાથ લોકોને રોજીરોટી આપવામાં આવે છે. અને હાલ પણ આ સંસ્થામાં રકતપિતના ભોગ બનેલા દર્દીઓ સારવાર લે છે અને બાળકો પણ સ્કુલમાં અભ્યાસ કરે છે. અને અહીં અભ્યાસ પામેલ બાળકો વિવિધ સંસ્થાઓમાં સારી જગ્યાએ નોકરી કરી પગભર છે. જયારે ફાધરે હંમેશા પ્રાંતિજ તથા પ્રાંતિજની આજુબાજુમાં સુખ અને શાંતિનો સંદેશ ફેલાવ્યો છે અને સર્વ ધર્મ અને દરેક ધર્મના ધાર્મિક પ્રોગ્રામોમાં હાજરી આપતા હતા ત્યારે તેમના અચાનક મૃત્યુના સમાચાર સાંભળી લોકોને આઘાત લાગ્યો હતો. તેમની અંતિમ યાત્રામાં પ્રાંતિજ તથા આજુબાજુમાં હજારોની સંખ્યામાં લોકો આપમેળે ઉમટી પડયા હતા અને તેમની ચંચળનગર પાસે આવેલ વર્ષો જૂના ખ્રિસ્તીઓના કબ્રસ્તાનમાં દફનવિધી કરવામાં આવી હતી. આ દફનવિધિમાં વિવિધ સંસ્થાઓમાંથી તથા પ્રાંતિજના અગ્રણીઓ વગેરે હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# સાબરડેરી ખાતે રેશન બેલેસીંગ ફોર ડેરી એનીમલ્સ વિષય પર સેમિનાર યોજાયો

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર નજીક આવેલ સાબરડેરી ખાતે યોજાયેલી બે દિવસીય રેશન બેલેન્સીંગ ફોર ડેરી એનીમલ્સ સેમિનારમાં પશુતજજ્ઞો દ્વારા દૂધાળા પશુઓને કેવો અને કેટલા પ્રમાણમાં ઘાસચારો ખવડાવવો જોઈએ તે અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

સેમિનારમાં ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલે જણાવ્યું હતું કે દૂધાળા પશુઓને કેવો અને ક્યારે અને કેટલો ઘાસચારો ખવડાવવો જોઈએ તે અંગેની જાણકારી પશુમાલિકોને હોતી નથી. તેના કારણે દૂધનો વ્યવસાય અમુક અંશે ઓછો નફાકારક સાબિત થાય છે. જેથી પશુના શરીર મુજબ વૈજ્ઞાનિક પદ્ધતિથી ઘાસચારો ખવડાવવામાં આવે તો ફાયદો ચોક્કસ થતો હોય છે. આ અંગે સાબરડેરીમાં યોજાયેલી રેશન બેલેન્સીંગ ફોર ડેરી એનીમલ્સ સેમિનારમાં એન.ડી.ડી.બી.ના નિષ્ણાંત ડૉ. એમ.આર. ગર્ગ, ડૉ. બી.એમ. ભંડારી, ડૉ. સી.પી. પટેલે સુંદર માહિતી રજુ કરી હતી. આ પ્રસંગે નવસારી વેટરનરી કોલેજના ડીન કેલાવાલા સરદાર કૃષિનગર દાંતીવાડાના ઈન્ચાર્જ ડીન ડૉ. એન.એમ. શાહ, આનંદવેટરનરી કોલેજના અધ્યાપક ડૉ. કે.એસ. પ્રજાપતિ, ડૉ. હિનાબેન પટેલ, ડૉ. કે.વી. પટેલ અને સાબરડેરીના એમ.ડી. બી.એમ. પટેલે ભાગ લીધો હતો. આ સેમિનારને સફળ બનાવવા ગુજરાત વેટરનરી કાઉન્સિલના ઉપપ્રમુખ ડૉ. વાય.જે. ભટ્ટ તથા સભ્યો અને ડેરીના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ધનસુરા ખાતે એ.ડી.બી.ડી. ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

ધનસુરા, તા.૩૦

ધનસુરાના ચાર ક્રિકેટર્સ મિત્રોનું લુણાવાડા ક્રેકટ મેચ રમી પરત આવતા મોડાસા નજીક અકસ્માત સર્જાતા તેમાં ચાર મિત્રોનું કરૂણ મોત થતાં સમગ્ર ધનસુરા શોકમાં ગરકાવ થઈ ગયું હતું. તેમના સાથી મિત્રોએ આ જ સ્વર્ગસ્થ ક્રિકેટરો અલ્પેશ પટેલ, દિનેશ જોધ્ધા, ભાવીન પટેલ અને દિનેશ પટેલની યાદમાં એ.ડી.બી.ડી. કપ ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૧ એપ્રિલ સોમવારના રોજ ધનસુરા સહકારી જીન ખાતે શરૂ થશે. ટુર્નામેન્ટ શરૂ થતાં પહેલા ઉપસ્થિત લોકોની હાજરીમાં ચાર સ્વર્ગસ્થ ક્રિકેટર મિત્રને શ્રધ્ધાંજલી અર્પીને ટુર્નામેન્ટ શરુ કરવામાં આવશે તેમ આયોજન સમિતિએ જણાવ્યું છે.

# અમદાવાદ જીલ્લા માધ્યમિક શાળામાં સ્ટાફની તીવ્ર અછત

### હાલ માધ્યમિક શાળાઓમાં ૩૫ ટકા સ્ટાફની અછત છે નવા શૈક્ષણિક સત્રમાં કામગીરી ખોરવાય તેવી સંભાવના

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ જીલ્લાની માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શાળાઓ સ્ટાફની અસાતની સમસ્યાની પીડાઈ રહી છે. તેમ છતાં ચાલુ વર્ષ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં ફાજલ પડેલા શિક્ષકોને મુકવાની પ્રક્રિયા હાથ ન ધરાતા નવા સત્રથી શિક્ષણ પર ગંભીર અસર પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે ફાજલ જગ્યાઓએ સત્વરે શિક્ષકોને મુકવા માંગ કરવામાં આવી રહી છે.

વર્તમાન વર્ષ અમદાવાદની ધોરણ-૯ થી ૧૨ માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક સ્કુલોમાં ખાલી પડેલી જગ્યાઓ પર ફાજલ શિક્ષકો મુકવાની પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે. જેના કારણે આગામી સત્રથી શિક્ષણ ઉપર ગંભીર અસરો પડે તેવી સ્થિતીનું નિર્માણ થયું છે. એક બાજુ શાળાઓમાં ૩૦ થી ૩૫ ટકા જેટલા સ્ટાફની અછત છે. ત્યારે ૩૧ મે અને ૩૧ ઓક્ટોબરના રોજ કેટલાક શિક્ષકો નિવૃત્ત થતા હોવાથી આ સમસ્યા વધુ વિકટ બને તેવી શક્યતા છે. રાજ્યમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ પર ફાજલ શિક્ષકોને મૂકવા માટેની તૈયારીઓ પણ કરી લેવામાં આવી હતી. પરંતુ વર્તમાન વર્ષમાં વિધાનસભાની ચૂંટણી ના પગલે આચારસંહિતા અમલમાં હોવાથી નવા શિક્ષકોને નિમણુંક આપી શકાઈ નથી. જોકે હવે ચૂંટણી પૂર્ણ થયા બાદ નવા શિક્ષકોને નિમણૂંકની પ્રક્રિયા હાથ ધરવાની હતી. જો કે જીલ્લા ડીઈઓ વિદેશ પ્રવાસે ગયા હોવાથી નિમણૂંકની પ્રક્રિયા આરંભે ચડી હતી. ત્યારબાદ બોર્ડની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હોવાથી પ્રક્રિયા થઈ શકી નહતી. ત્યારે જો હવે શાળાઓમાં નવા સત્ર પહેલાં શિક્ષકોની નિમણુંકની પ્રક્રિયા હાથ ધરવામાં નહીં આવે તો નવા સત્રમાં શિક્ષણ ઉપર ગંભીર અસર પડશે. તેવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

## બેરણા ગામે બળાત્કારની ફરિયાદ

હિંમતનગર તાલુકાના બેરણા ગામે રહેતી મહિલા પર હિંમતનગરના યુવાને બળાત્કાર ગુજાર્યો હતો. બનાવ સંદર્ભે મહિલાએ ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બેરણા ગામે રહેતી ૪૨ વર્ષીય મહિલા પરણીતા તા. ૨૭મી માર્ચ બુધવારના રોજ સાંજે ૬.૩૦ વાગ્યાના સુમારે હિંમતનગર શહેરના રાયકાનગર ખાતે રહેતા પ્રભુલાલ રોડીલાલ લુહારે ઘરે જઈ મહિલાની એકલતાનો ગેરલાભ ઉઠાવી મહિલાનું મોઢું દબાવી બળજબરી પૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. બનાવ અંગે મહિલાએ ગત રોજ મોડી સાંજે પ્રભુલાલ લુહાર વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. જે.આર. ઝાલાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## પાલનપુર ખાતે નાયી સમાજ દ્વારા લિમ્બચ માતાના પાટોત્સવની ઉજવણી કરાઈ

પાલનપુર ખાતે ધાન્ધાર યુથ નાઈ સમાજની કુળદેવી લિમ્બચમાતાના જામપુરા ખાતે આવેલ મંદિરમાં પાટોત્સવ અને હવન તેમજ સતત ત્રીજા વર્ષે કુમારીકાઓના માથે કળશ મુકી શહેરના રાજમાર્ગો પર લિમ્બચ માતાજીની કળશ યાત્રા નીકાળવામાં આવી હતી.જેમાં ધાન્ધાર જૂથ નાઈ સમાજના આગેવાનો, ભાઈઓ, બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# પાલનપુર-ડીસા માર્ગ પરના રહેણાંક વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિઓ પકડાઈ



પાલનપુર, તા.૩૦

પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ સ્વાગત સીટી નજીક રહેણાંક વિસ્તારમાં ઘણા સમયથી ચાલતા કુટણખાના અંગે બનાસકાંઠા ક્રાઈમ બ્રાંચે ખાનગી બાતમીના આધારે પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવતા એક પર પ્રાંતિય દેહવેપારના વ્યવસાય સાથે સંકળાયેલ મહિલા અને એક સ્થાનિક મહિલા સાથે ચાર યુવકોને ઝડપી લીધા હતા.

આ અંગે પાલનપુર ડી.એસ.પી. કચેરી ખાતે એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર જી.આર. રબારી એ આપેલ માહિતી અનુસાર ઉપરોકત જગ્યા ઉપર રહેણાંક વિસ્તારમાં ઘણાં સમયથી દેહવેપારનો વેપાર ચાલતો હોવાની ચોકકસ બાતમી પોલીસને મળી હતી. તેના આધારે પાલનપુર પ્રોબેશનલ ડી.વાય.એસ.પી. શ્રુતિ મહેતા સાથે એલસીબી પોલીસ ઈન્સ્પેકટર જી.આર. રબારી, પી.એસ.આઈ. પી. છાયા, મહીલા પીએસઆઈ સરલાબેન રાયકા, એન્ટી રોમિયો સ્કવોર્ડના પ્રોબેશનલ પીએસઆઈ યુવરાજસિંહ એસ. સિસોદીયા અને સ્ટાફના હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહ, ગણપતસિંહ, સલીમભાઈ, ઐયુબભાઈ સાથે સ્વાગત સીટી પાછળ પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ રહેણાંક વિસ્તારમાં બાતમીના આધારે મકાન પર રેડ કરતા ત્યાં કુટણ ખાનું ઝડપાયેલ ત્યાંથી પોલીસ ટીમે બે રૂપલલના સાથે ૪ યુવાનો ઝડપી લીધા હતા. ઝડપાએલામાં સ્થાનિક એક મહિલા અને પશ્ચિમ બંગાળની એક યુવતી સાથે દિનેશ મોનજીભાઈ ચૌધરી (રહે. રતનપુર (મેઆડા) તા. પાલનપુર), દિનેશ રગજીભાઈ ચૌધરી (રહે. ટાકરવાડા, તા. પાલનપુર) સંજય રમેશભાઈ પ્રજાપતિ (રહે. રામઢી (રણજીતવાસ), તા. ડીસા), નિતીન પીરાભાઈ પ્રજાપતિ (રહે. સામઢી, તા. ડીસા) વાળાને ઝડપી લીધા હતા. તેમની પાસેથી કુલ ૭ મોબાઈલ ફોન રૂપિયા ૫૫૦૦ રોકડ રકમ રૂ. ૩૮૫૦ સાથે કુલ રૂપિયા ૯૩૫૦ના મુદ્દા માલ સાથે જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ શરુ કરવામાં આવી છે.

આ દરોડા બાદ શહેરના અનેક રહેણાંક વિસ્તારોમાં ખાનગીમાં અને હાઈવેની કેટલીક સોસાયટીઓમાં ચાલતા દેહવેપારના ધંધા સાથે સંકળાયેલ લોકોમાં ફફડાટ ફેલાયો છે.

# પાણીની સમસ્યાને મુદ્દે અમરેલી શહેર સજ્જડ બંધ

અમરેલી, તા. ૩૦

કાળઝાળ ઉનાળાની શરુઆત પહેલાં જ રાજ્યમાં સૌરાષ્ટ્ર સહિતના મોટાભાગના ગામડાઓ તેમજ શહેરમાં પીવાના પાણીની તંગી ઉભી થઈ છે. પાણીની સમસ્યાને લઈને પ્રજાજનો હેરાન-પરેશાન થઈ ગયાં છે. સૌરાષ્ટ્રના અમરેલી શહેરમાં લોકહિત રક્ષક સમિતિ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. વેપારીઓ તેમજ પ્રજાજનોએ શહેરમાં સજ્જડ બંધ પાડ્યો હતો. મોટાભાગની દુકાનો તેમજ વેપાર ધંધા બંધ રહ્યા હતા. પાણીના પ્રશ્ને લોકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં તેમજ ગામડાઓમાં લોકોને પાણીથી ટળવળવું પડે છે તેમ ભટકવું પડે છે.

ઉનાળાની શરૂઆત થતાં જ અમરેલી શહેરમાં પાણીની સમસ્યા ઉભી થઈ છે. ૧૦ દિવસે શહેરીજનોને પાણી મળે છે. અમરેલી જિલ્લાનાં ગામડાઓમાં તો પાણી જ નહીં હોવાની બૂમરાણ ઉભી થવા પામી છે. નગરપાલિકા તંત્ર દ્વારા પાણીની સમસ્યા મુદ્દે કોઈ જ પગલાં ભરવામાં આવતા નથી. જેથી શહેરીજનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. પાણી પ્રશ્ને પ્રજાજનોએ કલેક્ટર ઓફિસનો ઘેરાવો કરીને સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમજ કલેકટરને પાણીના મુદ્દે રજુઆત કરી હતી.

અમરેલીની પ્રજાએ ઘણી રજૂઆત કલેકટર તેમજ નગરપાલિકાના તંત્રને કરી છે. પરંતુ કોઈપણ ઉકેલ ન આવતાં આજે અમરેલી લોકહિત રક્ષક સમિતિ દ્વારા અમરેલી બંધનું એલાન આપવામાં આવ્યું હતું. બંધને પગલે અમરેલીના તમામ બજારો બંધ રહેવા પામ્યા હતા. વેપારીઓ પેતાની દુકાનો, વેપાર, ધંધા રોજગાર બંધ કરી તેમાં જોડાયા હતા. પાણીના મુદ્દે અપાયેલા બંધને લોકો સ્વૈચ્છિક રીતે પાળીને પોતાના ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા. અને જોડાયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર અમરેલી શહેરમાં લોકોને ૧૦૦૦ રૂપિયા આપીને પાણીનું ટેન્કર મંગાવવું પડે છે. તેમજ ૧૦ દિવસે પણ પાણી મળે કે નહીં તેની કોઈ જ ગેરંટી મળી નથી.

## વાસ્મો દ્વારા વિશ્વ જળ દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૩૦

મહેસામા જિલ્લા વાસ્મો દ્વારા વિશ્વ જળ દિવસની ઉજવણી કેશવ અર્બુદા હોલ ખાતે રાખવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નળ લગાઓ ઝુંબેશ, વોટર ક્વોલીટી તથા પાણી સમિતિ પુરસ્કાર એનાયત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ મહેસાણા દ્વારા જળ સહયોગ આંતર રાષ્ટ્રીય પર્વ ૨૦૧૩ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વાસ્મોના અધિકારીશ્રી એસ.જી. પટેલ, વાસ્મોના સભ્ય સચિવશ્રી સી.એચ. શાહ, તાલુકા વિકાસ અધિકારી સર્વશ્રી મહેસાણા, ઉંઝા, ખેરાલુ અને વડનગર હાજર રહ્યા હતા.

આ વર્કશોપમાં પાણી સમિતિ પુરસ્કાર યોજના અંતર્ગત જિલ્લાની ત્રણ પાણી સમિતિઓને ઈનામ તેમજ પ્રોત્સાહક પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે ઝહીરપુરાને ૧૦,૦૦૦ રૂપિયા, દ્વીતીય ક્રમે બળવંતપુરાને ૭૦૦૦ અને તૃતીય ક્રમે પાલાવાસણા પાણી સમિતિને ૫૦૦૦ અને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ સમગ્ર ઝોનમાં પ્રથમ નંબરે આવનાર ઝહીરપુરા પાણી સમિતિને પણ ૨૦,૦૦૦ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ વર્કશોપમાં વાસ્મોના અધિકારીશ્રી સહિત વિવિધ પાણી સમિતિના અગ્રણીઓએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. આ વર્કશોપમાં પાણી બચાવો ઝુંબેશ, શૌચાલયો, સ્વચ્છતા સહિત વિવિધ બાબતો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લાની પાણી સમિતિના સભ્યો, ચેરમેનશ્રીઓ, તલાટી કમ મંત્રીશ્રીઓ, સરપંચશ્રીઓ સહિત જિલ્લાના અગ્રણીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વાસ્મોના જિલ્લા કો. ઓર્ડિનેટર કમલેશ સોલંકી તેમજ ગઢવીએ કર્યું હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન